

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*મંત્રી રંગેહાથ પકડાય તો કામ બદલી નાખો!*
*ચૂંટણીમાં જો હાર ભાળો તો ગામ બદલી નાખો,*
*ધામ બદલી નાખો, અયોધ્યા મૂકી પકડો 'કાશી' -*
*'હિંદુત્વ' ઠસાવવા પ્રાચીન, નામ બદલી નાખો !!*
*('હિંદુત્વ' ના હવાતિયાં)*

### હાઈકુ

*દઈ દો નામ,*
*સૈયદની જાળીને -*
*'સીતા ની સાડી'!*

*ના લવાય જો*
*બૂલેટ-મેટ્રો-ટ્રેન -*
*પાટા બદલો !!*

*('વિકાસ' નો વલોપાત)*

### ચિંતન

**સાર્વભૌમાદિબ્રહ્માન્તં શ્રુત્યા યઃ પ્રતિપાદિતઃ ।**
**સ ક્ષયિષ્ણુઃ સાતિશયઃ પ્રક્ષીણે કારણે લયમ્ ॥**

ઉપરોક્ત શ્લોક કઠઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

ચક્રવર્તીથી માંડી બ્રહ્મા સુધીના સુખોને શ્રુતિએ ક્ષય પામનાર અને અતિશય (વધઘટ) યુક્ત ગણાવ્યા છે. એ પોતાના કારણનો નાશ થતાં (નાશને પામે છે.)

તદ્દન ભિક્ષુકથી પ્રધાનશ્રીઓ રાજા-મહારાજ અને દેવો સુધી જ 'સુખ' માનવામાં - સમજવામાં આવે છે તે પોતાના માન-વિચારના વિકાસના માપ પ્રમાણેનું પણ 'નાશવંત' સુખ છે.

જયારે આ નાશવંતપણાની સાચી ઓળખ પ્રાપ્ત થાય ત્યારે સાચું સુખ સમજાય છે.

### સુવિચાર

- સામો ઘા કરવાથી ક્ષણિક સંતોષ થશે, પણ ઘા નહીં કરવાથી ચિરકાળનું સુખ થશે. માટે ડાહ્યા માણસે મોટા સુખ ખાતર નાનું સુખ જતું કરવું - **તિરુવલ્લુવર**
- દરિદ્રમાં દરિદ્રની સેવા વિના આત્મસાક્ષાત્કાર થવો અશક્ય છે - **ગાંધીજી**
- આત્મભોગ આપણને નફ્ફટ બનાવી બીજા માણસોનો ભોગ લેવાને શક્તિમાન બનાવે છે - **બર્નાડ શો**
- આપણે બીજાને કરેલી ઈજાને અને બીજાને આપણને કરેલી ઈજાને તોળવામાં આપણાં કાટલાં જુદા જુદા હોય છે - **ઈસપ**
- ઈર્ષ્યા એવો દુશ્મન છે જેનો દરેક ભાગ્યશાળીને સામનો કરવો પડે છે - **બોધિ વૃક્ષ**
- ઉત્તમ સેવક જાહેરાતના અજવાળા વિનાના અંધારામાં ચૂપચાપ પોતાનું કામ કર્યા કરે છે - **ઓલિવર હોન્સ**
- આજનું ઔષધ : છાશમાં સૂંઠ પાઉડર ઉમેરી પીવાથી લાંબે ગાળે હરસ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આપણાથી નાના હોય એવા મઆણસોની સંપત્તિનો ઉપયોગ કરવાનો આપણને કોઈ પરવાનો મળતો નથી. આપણે જ આપણા વર્તન વ્યવહાર થકી જ એક આદર્શની સ્થિતિ સર્જવાની છે. રાજવૈદ્ય ચરક જંગલમાં એક ઔષધ બનાવવા ફૂલોની શોધમાં નીકળ્યા હતા. સવારથી સાંજ પડવા આવી પણ એમને જોઈતા ફૂલો મળતા ન હતા. નગરમાં પાછા ફરતા એક ખેડૂતના ખેતરમાં આ ફુલો જોયા. એમને થયું આ ખેતરના માલિકને પૂછ્યા વગર ફૂલો ન લેવાય. એમના શિષ્યે કહ્યું, 'પાંચ-સાત ફુલો લેવામાં ખેડૂતની પરવાનગી લેવા કયાં જવું ? વળી આ ફુલો અત્યારે ખીલેલા છે અને જો પરવાનગી લેતા આવતીકાલ પડી જાય તો ફૂલો મુરઝાઈ જાય અને એનો ઔષધિય ગુણ કામનો નહિ રહે.' શિષ્યે ઉમેરતા કહ્યું, 'ગુરુદેવ, આપ તો રાજવૈદ્ય છો અને આપણને તો રાજજ્ઞા મળેલી છે કે તમે રાજયમાં ઉગેલી કોઈ પણ વનસ્પતિ કે ફુલોને ઈચ્છા અનુસાર કોઈની પરવાનગી લીધા વગર લઈ શકો છો.' ચરકે કહ્યું, 'વત્સ પણ રાજાજ્ઞા અને નૈતિકતામાં ઘણું અંતર હોય છે.' શિષ્યે કહ્યું, 'આ વાત મને વિસ્તારથી સમજાવો.' ચરકે કહ્યું, 'રાજયના સૌ નાગરિકો આપણા રાજાના આશ્રિતો છે. એમની સંપત્તિ જો આપણે આપણા સ્વાર્થ ખાતર વ્યવહારમાં લાવવા માંડીશું તો પછી લોકોમાં આદર્શ કઈ રીતે જાગૃત કરી શકીશું ??' ખેડૂતની પરવાનગી લેવા ચરક બે માઈલ ચાલ્યા એની પરવાનગી લીધી અને પછી જ ફુલો તોડ્યા અને ઔષધિ બનાવી.

# જોવા જેવી દુનિયા - આવકારદાયક ઉત્સવ

**તંત્રીસ્થાનેથી...**

ગાંધીનગર ગુજરાતનું પાટનગર બન્યું ત્યારે એ માત્ર સાબરમતી કિનારે વસેલું પેથાપુર જેવા ગામો વચ્ચેનો વગડો હતું. શંકરસિંહ વાઘેલાએ એમના ભવ્ય નિવાસસ્થાનને 'વસંત વગડો' જેવું નામ અમથું તો નહીં જ આપ્યું હોય. પરંતુ બોરીજ ખાતે સ્થિરતા કરી ચાર્તુમાસ ગાળતા કોઈ જૈન મુનિને વગડામાં 'કલ્લે જતાં' ખુલ્લામાં શૌચક્રિયા દરમિયાન એક જબરદસ્ત આભાર થયો હતો અને અપાસરામાં આવીને એમને કહ્યું હતું કે ભવિષ્યમાં અહીં ઈંદ્રપુરી જેવી નગરી વસશે. એમની એ ભવિષ્યવાણી સાચી ઠરી છે. ગાંધીનગર ઈંદ્રપુરી જેવું મહાનગર - વળી ગુજરાત આખાનું પાટનગર બન્યું અને અહીં રાજકાજની સાથે જ સાંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ધમધમી ઊઠી. ગાંધીનગરમાં ફક્ત રાજકીય નેતાઓ કે પ્રશાસકો જ નથી વસતા. અહીં ઉત્તમ વિદ્યાસંસ્થાઓ વિકસી છે, સેન્ટ્રલ યુનિવર્સિટી શરૂ થઈ છે અને ગાંધીનગર બહારનું ગાંધીનગર તો કૂદકે ને ભૂસકે વિકસી રહ્યું છે. પંચદેવ મંદિર સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો અને શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત ગુજરાતમાં તાજમહાલ જેવું આકર્ષણ જગાડનાર અક્ષરધામ કે બોરીજના જૈન મંદિર જેવું જ અડાલજ ખાતે દાદા ભગવાનના સિદ્ધાંતો અને જ્ઞાનચર્ચાને વરેલું ત્રિમંદિર પણ લાખો દર્શનાર્થીઓને આકર્ષતું રહે છે. દાદા ભગવાન મૂળે તો સીધાસાદા ચરોતરના પાટીદાર એકાઉન્ટન્ટ. એમણે સુરતના રેલવે સ્ટેશન પર બાંકડે બેઠાં બેઠાં જે દિવ્ય ચેતનાનો સહજ સાક્ષાત્કાર કર્યો, એ પછી પેલા અંબાલાલ પટેલનું સીધું જ દાદા ભગવાનમાં રૂપાંતરણ થઈ ગયું. એમણે મોક્ષનો સૌથી ટૂંકો શોર્ટકટ શોધી કાઢીને જ્ઞાનવિધિની છૂટ્ટા હાથે વહેંચણી શરૂ કરી જેમાં દીક્ષિત થયેલાં ડૉ. નીરુબહેન અમીન અને દીપકભાઈ દેસાઈએ એ જ્ઞાનમાર્ગ વિશાળ જનસમુદાય માટે ઉપલબ્ધ કરાવવાનું બીડું ઝડપ્યું. આ જ્ઞાનમાર્ગના યાત્રીઓ દેખાવમાં તો આપણા જેવા સાધારણ માનવીઓ જ લાગે, પરંતુ એમને 'સ્વ'ની ઓળખ થઈ ચૂકી હોઈ દુન્યવી મોહમાયાનાં આવરણોથી મુક્ત એવી સ્થિતપ્રજ્ઞ દશામાં જ જીવતા હોય છે. એ પોતાને દેહ નથી માનતા. આત્માને દેહના ખોળિયામાં અશ્રય જરૂર લીધો છે, પરંતુ એથી પવિત્રતા કે અમરતાને આંચ નથી આવતી - આવી પાકી સમજણ સાથે દાદા ભગવાને કોમર્શિયલ ભાષા વાપરી ફાઈલના નિકાલની જ વાત કરી છે. અથડામણ ટાળીએ બન્યું તે જ ઠીક, ભોગવે એની ભૂલ - જેવા એમના સિદ્ધાંતો માનવીને સંઘર્ષ વગર સુચારું ઢબે જીવનને મંગલમય બનાવી સદેહે મોક્ષ જેવી અનુભૂતિ કરાવે છે. દાદા ભગવાનના સ્મૃતિમંદિર ખાતે યોજાઈ રહેલ 'જોવા જેવી દુનિયા' મહોત્સવનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ગાંધીનગરના સીમાડે મહારેલી આ આધ્યાત્મિક વસંત માણવા સૌને ઈજન પાઠવી ત્રિમંદિરના સંવાહકોએ આપણી ઉચ્ચતર આધ્યાત્મિકતાનો જ પરિચય આપ્યો છે. - જય સચ્ચિદાનંદ!

# શ્રેષ્ઠ દાન અભયદાન



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

માણસની મોટામાં મોટી મુશ્કેલી એ છે કે સદ્ગુરુ ને તેના પોતાનામાં કામ કરવાનું કઠિન બનાવે છે. જો શિષ્ય ગુરુને, સાધકે સંતો કે જ્ઞાનિઓને પોતાના માં કામ કરવા દેવું હોય તો તેણે સરળ બનવું પડશે. પોતે ખરેખર કશું જાણતો નથી. એ વાતનો સમજણથી, અંદરથી તે સ્વીકાર કરે અને તેમ વર્તે. જેનામાં ખરેખર મમત્વ નથી, કશો આગ્રહ નથી તેવા માણસ ઉપર કામ કરવું સદ્ગુરુને, સંતને સહેલું થઈ પડે છે. મોટે ભાગે માણસ એવું માને છે કે તે પોતે બધું જ જાણે છે અને એમ સમજીને તે બીજા સાથે વર્તે છે.

સંત કબીરને મળવા એક જ્ઞાની ફકીર તેમના બે શિષ્યોને લઈને આવ્યો. કલાકો સુધી એકબીજાના સાંનિધ્યમાં બેઠા. પણ બોલ્યા કશું નહિ. સાવ મૌન જ રહ્યા. છતાં જતાં જતાં કહ્યું કે, 'બહુ વાતો કરી.' ખુબી જુઓ સાવ મૌન રહ્યા છતાં ખૂબ વાતો કરી એમ કહ્યું. એટલે કે આત્મજ્ઞાન, પરમ આત્મજ્ઞાન મેળવ્યું છે. છતાં જ્ઞાનીઓ મૌન રહે છે. મૌન રહીને વાત કરે છે. જયારે માણસ માત્ર એક ટીપું જ્ઞાન મેળવીને લોકોને કહેવા માંડે છે કે મને ખૂબ જ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે.

'કોઈ પણ પ્રકારનું દાન, હોમ, યજ્ઞ કે કર્મકાંડ કરવાથી પુણ્ય મળે છે. તે ભોગવવાને કારણે ક્ષીણ બને છે. આ શાશ્વત નિયમ છે પરંતુ એક દાન એવું છે કે જેનું પુણ્ય કયારે પણ ક્ષીણ થતું નથી. તે છે સત્યપાત્રને આપેલું દાન અને કોઈ પણ જીવને આપેલું અભયદાન. એ તો અક્ષય હોય છે.'

વીતરાગ પુરુષ, સંત પુરુષ અને જે માણસ અત્યંત નમ્ર બનીને વર્તે છે. તેવું જીવન જીવે છે, તે સત્યાગ છે. આ પાત્રોને સદ્ભાવપૂર્વક દાન આપ્યું હોય તો ઊંચા પ્રકારનું અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે.

વરસાદનું નદીનું પાણી જો ગંગામાં જાય તો તે શ્રેષ્ઠ ગણાય છે. એ પાણી છેટામાં જાય તો તેનું મોતી બને છે પણ જો એ પાણી નાગ પીએ તો તેનું ઝેર બને છે. અને ગટરમાં જાય તો તેનો કૂડો-કચરો બને છે. આ જ રીતે મામસને જેવા ભાવથી દાન આપ્યું હોય તેવા પ્રકારના પુણ્યની પ્રાપ્તિ થાય છે.

સંત નરસિંહ મેહતા કે સંત કબીર બંને નાણાની ભીડ સતત ભોગવતા હતા. છતાં કોઈ પાસે એમને લાંબો હાથ કર્યો નથી. આવા સત્યાગ સંતોને દાન આપવું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દાન છે. પરંતુ સર્વ પ્રકારના દાનોમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પ્રકાર 'અભયદાન' છે.

અભયદાન એટલે : કોઈ પણ જીવને દુઃખ આપવાનો નથી, મારાથી કોઈ પણ ભય ન રાખે હું કોઈને પણ કયારેય ભય પમાડવાનો નથી, આવો ભાવ માણસ ધારણ કરે અને તે પ્રમાણે વર્તે તેને અભયદાન કહેવાય છે.

જેનાથી બીજાને ઉદ્વેગ થતો નતી તે શ્રેષ્ઠ વ્યક્તિ છે. પોતાની પાસે ધન ન હોય તેવો માણસ પણ બીજાને આવું અભયદાન તો આપી શકે છે. સૌથી મોટો ભય મરણનો છે. ભારતમાં પરાપૂર્વથી ચાલી આવેલી એક શ્રેષ્ઠ પ્રણાલી એ છે કે કૂવામાંથી પાણી પીવા લેવાનું. તે પાણીને ગરણાથી ત્યાં જ ગાળવાનું. પછી ગરણામાં જે જંતુ આવ્યા, હોય તેને પાછા કૂવામાં નાખવાનાં. આ છે અભયદાન... જે સૌ દાનોમાં શ્રેષ્ઠ છે. તેનાથી ઉપાર્જિત થતું પુણ્ય પણ સૌથી શ્રેષ્ઠ છે. માટે સૌ કોઈ એવો સંકલ્પ કરે કે 'મારાથી કોઈ ભય ન પામે' આ એક જ દાન એવું છે કે સૌ કોઈ આપી શકે છે. અભયદાન વગરનું કર્મકાંડ, સેવા અને પરોપકાર ફીક્કાં છે. અભયદાન આપનાર સૌ કોઈની સેવા કરી શકે છે. ભલે તે બીજું કાંઈ પણ દાન આપતો હોય તો પણ.

# ગુજરાતનું કયું વિદ્યુત મથક લિગ્નાઈટ આધારિત છે ?



**ખજાનો**

અનિલ પટેલ

## ગુજરાતની ભૂગોળ

૧ નાગરોનું આધ્યાસ્થાન કયું ગણાય છે ?
(અ) ભાવનગર (બ) જામનગર
(ક) જૂનાગઢ (ડ) વડનગર

૨ વડવાળી વાવ કયાં આવેલી છે ?
(અ) અંબાસણ (બ) ડભોઈ
(ક) ખંભાત (ડ) અડાલજ

૩ ગુજરાતમાં આર્કિયોલોજીકલ મ્યુઝિયમ કયાં આવેલું છે?
(અ) લોથલ (બ) ધોલાવીરા
(ક) પાટણ (ડ) સિદ્ધપુર

૪ ખારાઘોડા વિસ્તાર શા માટે જાણીતો છે ?
(અ) કપાસના પાક માટે (બ) મીઠું પકવવા
(ક) ચણાના પાક માટે (ડ) દેશી ભેંસ માટે

૫ ઈન્સ્ટિટયુટ ઓફ પ્લાઝમા રિસર્ચ સેન્ટર કયાં આવેલ છે ?
(અ) કલોલ (બ) અમદાવાદ
(ક) ભાટ, ગાંધીનગર (ડ) વિદ્યાનગર, આણંદ

૬ ગુજરાતમાં ફીશરીઝ કૉલેજ કયાં આવેલી છે ?
(અ) ઓખા (બ) દ્વારકા
(ક) જામનગર (ડ) વેરાવળ

૭ ગુજરાતનું કયું વિદ્યુત મથક લિગ્નાઈટ આધારિત છે ?
(અ) ગાંધીનગર (બ) તારાપુર
(ક) પાનન્ધ્રો (ડ) અમદાવાદ

૮ ડિઝલ એન્જિનના ઉત્પાદનમાં ગુજરાતનું કયું શહેર મોખરે છે ?
(અ) અમદાવાદ (બ) રાજકોટ
(ક) મોરબી (ડ) જામનગર

૯ ભારતનું પ્રથમ સેઝ સ્થળ કયું છે ?
(અ) કંડલા (બ) ધોલેરા
(ક) દહેજ (ડ) વડોદરા

૧૦ ગુજરાત સાયકલ્સ લિમિટેડની સ્થાપના કયાં કરવામાં આવી છે ?
(અ) રાજપીંપળા (બ) વાઘોડીયા
(ક) દહેજ (ડ) ભરૂચ

૧૧ અદાણી એરપોર્ટ કયાં આવેલ છે ?
(અ) મુંદ્રા (બ) જામનગર
(ક) રાજકોટ (ડ) પીપાવાવ

૧૨ પિરોટન અભ્યારણ્ય શાના માટે જાણીતું છે ?
(અ) સિંહ (બ) રિંછ
(ક) કાળીયાર (ડ) દરિયાઈ જીવસૃષ્ટિ

૧૩ બાયોડીઝલ બનાવવા કઈ વનસ્પતિનો ઉપયોગ થાય છે ?
(અ) એરંડા (બ) નિલગિરિ
(ક) શેરડી (ડ) રતનજયોત (જોજોબા)

૧૪ નીચેનામાંથી કયું શહેર સુવર્ણ ચર્તુભુજ હાઈવે પર આવેલ નથી ?
(અ) મહેસાણા (બ) વડોદરા
(ક) અમદાવાદ (ડ) સુરત

૧૫ ગુજરાતમાં ન્યુક્લીયર પાવર હાઉસ કયાં આવેલ છે ?
(અ) તારાપુર (બ) કાંકરાપાર
(ક) પાનન્ધ્રો (ડ) ઉકાઈ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧૬ નવેમ્બર : રાષ્ટ્રીય પત્રકારિતા દિન / વર્લ્ડ ટોલરન્સ ડે**
  - નાટ્યકાર અને નવલકથાકાર શિવકુમાર જોષીનો જન્મદિવસ (૧૯૧૬)
  - કવિ સુંદરજી ગોકળદાસ બેટાઈનું નિધન (૧૯૮૯)
  - બેનઝીર ભુટ્ટો ૧૧ વર્ષમાં થયેલ પહેલી સામાન્ય ચૂંટણી જીત્યા (૧૯૮૮)
  - સ્કાયલેબ-૪ અવકાશમાં લોન્ચ કરાયું (૧૯૭૩)
- **૧૭ નવેમ્બર :નેશનલ એપિલેટસ (વાઈ દિવસ) ડે**
  - મહર્ષિ અરવિંદના શિષ્યા શ્રીમતી મીરા અલ્ફેન્ઝને (માતાજી)નું નિધન (૧૯૭૩)
  - લાલા લજપતરાયનું અવસાન (૧૯૨૮)
  - રશિયામાં રાજાશાહી નાબુદ થઈ પ્રજાસત્તાક બન્યું (૧૯૧૭)
  - ક્રિકેટર યુસુફ પઠાનનો જન્મદિવસ (૧૯૮૨)
- **૧૮ નવેમ્બર :**
  - સાહિત્યકાર જયંતી દલાલનો જન્મદિવસ (૧૯૦૯)
  - અમદાવાદના સ્થાપક અહમદશાહનો જન્મદિવસ (૧૩૯૨)
  - મહારાજ જયસિંહ બીજાએ જયપુરની સ્થાપના કરી (૧૭૨૭)
  - ફિલ્મ સર્જક વી. શાંતાકારનો જન્મદિવસ (૧૯૦૧)
  - અનંતરાય રાવળની પુણ્યતિથિ (૧૯૮૮)
- **૧૯ નવેમ્બર : આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસ**
  - ભારતના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનો જન્મદિવસ (૧૯૧૭)
  - રાણી લક્ષ્મીબાઈનો વારાણસીમાં જન્મ (૧૮૨૮)
  - દિલ્હી ખાતે નવમા એશિયાડ રમતોત્સવનો પ્રારંભ થયો (૧૯૮૨)
  - ઐશ્વર્યા રાય વિશ્વ સુંદરી બન્યા (૧૯૯૪)
  - કલ્પના ચાવલા પ્રથમવાર અંતરીક્ષમાં ગયા. (૧૯૯૭)
- **૨૦ નવેમ્બર : બાળ અધિકાર દિન / ઝંડા દિવસ**
  - સાહિત્યકાર મણિશંકર ભટ્ટ 'કાન્ત' નો જન્મદિવસ (૧૮૬૭)
  - ઉર્દૂ ભાષાના નામાંકિત કવિ અહેમદ નદીમ કાસપીનો જન્મદિવસ (૧૯૧૬)
  - ક્રાંતિકારી શહીદ બેલડી સત્યેન્દ્ર બસુ અને કન્હાઈ દત્તની પુણ્યતિથિ (૧૯૦૮)
  - અભિનેત્રી શિલ્પા શિરોડકરનો જન્મદિવસ (૧૯૬૯)
- **૨૧ નવેમ્બર**
  - શ્રી રંગ અવધૂતનો જન્મદિવસ (૧૮૯૮)
  - સિઝલીંગ ડાન્સર અને એક્ટ્રેસ હેલનનો જન્મદિવસ (૧૯૩૮)
  - સર જગદીશ ચંદ્રબોઝનો જન્મદિવસ (૧૮૫૮)
  - ભારત-ચીન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થયું (૧૯૬૨)
- **૨૨ નવેમ્બર :**
  - પૂર્વ અમેરિકાન રાષ્ટ્રપ્રમુખ જહોન કેનેડીનું નિધન (૧૯૬૩)
  - ૧૬માં આધુનિક ઓલિમ્પિકનું મેલબોર્ડમાં પ્રારંભ (૧૯૫૬)
  - ભારતની ડાયેના હેડને મિસ વર્લ્ડ ખિતાબ જીત્યો (૧૯૯૭)
  - મદ્રાસ રાજયનું નામ તામિલનાડુ રાખવાનો પ્રસ્તાવ મંજૂર થયો (૧૯૬૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સરદાર પટેલની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના ૯૩ વર્ષીય શિલ્પકારનું નામ શું ?**
**જવાબ : પદ્મ વિભૂષણ - શ્રીરામ વી. સુથાર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) રૂચિત એ. પટેલ : ધોળેશ્વર પાસે
(૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા. કૉલેજ
(૫) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૭) પંચાલ મહેશકુમાર બી : સોનાસણ (૮) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**રામજન્મભૂમિના દર્શન અને આરતી માટે કયારે તાળાં ખૂલ્યાં હતા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ટચલી આંગળીએ ગોવર્ધન





**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

નંદભવનમાં આનંદ સમાતો ન હતો. આજે કારતક સુદ એકમ હતી. દર વરસે આ દિવસે નંદરાય ઈન્દ્રયજ્ઞ કરે. ઈન્દ્રની કૃપા થાય તો ફસલ સારી ઊતરે. ઘાસચારો સારો થાય. ધનધાન્યના ભંડાર ભરાય.

સાત વર્ષની વયના કૃષ્ણને આ નગમ્યું. એણે નાને મોઢે નંદરાયને એને બીજાઓને સમજાવ્યું.

'તમે ઈન્દ્રને યજ્ઞ કરીને પૂજવાનું બંધ કરો. આ સામે ગોવર્ધન પર્વત છે; એની પૂજા કરો. વૃંદાવનનું આ ગૌરવ છે.' એણે કારણો આપ્યા.

(૧) આ પર્વત સાક્ષાત્ ભગવાન વિષ્ણુનું સ્વરુપ છે. એ ઈન્દ્રથી ચડિયાતો છે. તમે ઈન્દ્રને કયારેય જોયો નથી. આ તો તમારે હાજરાહજૂર છે. આ પર્વત તમને જળ અને જંગલ, ધાન્ય અને ઘાસ પૂરું પાડે છે. અપાર પ્રાકૃતિક સંપદા ધરાવે છે.

(૨) તમે ઉદ્યમ કરો. ઈન્દ્રની કૃપા ઉપર નિર્ભર ન રહો.

(૩) ઈનદ્ર તો માત્ર સ્વર્ગના રાજા છે. સો અશ્વમેઘ યજ્ઞ કરે એ ઈન્દ્ર થઈ જાય. આ પર્વત તો એ રાજાનો પણ રાજા છે.

(૪) આ ઈન્દ્ર અભિમાની છે. તમે આટલા વર્ષોથી પૂજો છો; એ તમનો દર્શન પણ આપતો નથી. એનું અભિમાન ધૂળમાં મેળવવું જરૂરી છે.

નંદરાય અને ગોપનાયકો સંમત થઈ ગયા. કૃષ્ણે એમને આશ્વાસન આપ્યું.

'ઈન્દ્રની પૂજા બંધ કરવાથી એ ગુસ્સો થશે; તો ગભરાશો નહિ. ગોવર્ધન પર્વતની પૂજા કરો, એ તમારું રક્ષણ કરશે.'

કૃષ્ણે ગોવર્ધન પૂજાનો ઉપાય બતાવ્યો; વિધિ બતાવી. ગોપલોકો એને અનુસર્યા. નંદરાયની આગેવાનીમાં તેઓએ કૃષ્ણના માર્ગદર્શનમાં ગોવર્ધન પૂજા કરો. પોતાને ઘરેથી બનાવેલી અન્ન ભોજનની સામગ્રી લઈ આવ્યા. ભવ્ય અન્નકૂટ કર્યો. ગોવર્ધનને અર્પણ કર્યો. અને પછી પ્રસાદરૂપે સમગ્ર વૃંદાવને સ્વીકાર કર્યો. સર્વત્ર આનંદમંગળ છવાઈ ગયો.

દેવર્ષિ નારદે ઈન્દ્રને માહિતી આપી. ઈન્દ્રને ભારે રોષ થયો. એણે મેઘને આદેશ આપ્યો. બારેય મેઘ ખાંગા થઈને તૂટી પડ્યા. અનરાધાર ભયંકર વરસાદ, કારતક મહિનો હતો તો પણ વરસવા લાગ્યો.

શ્રીકૃષ્ણના નેતૃત્વમાં ગોપગણોએ ગોવર્ધનનું શરણ લીધું. કૃષ્ણે ગોવર્ધનને પ્રાર્થના કરી. વિનંતી કરી. ગિરિરાજ ગોવર્ધનને પોતાની જાત ફૂલથી પણ કોમળ અને રૂ ના ઢગલા જેવી કરી નાખી. કૃષ્ણે એને પોતાની ટચલી આંગળી ઉપર ઉઠાવી લીધો. સમગ્ર જનતા એની નીચે આવી ગઈ. બળરામે શેષનાગની ફેણો ચારેય બાજુ ફેલાવી દીધી. કોઈની ઉપર વરસાદનો એક છાંટો પણ પડ્યો નહીં. કૃષ્ણનું સુદર્શન ચક્ર ફરતું રહ્યું. એનાથી સતત પ્રકાશ ફેલાતો રહ્યો. અંધકાર જરા પણ ન લાગ્યો.

સતત સાત દિવસ અતિવૃષ્ટિ ચાલુ રહી. ઈન્દ્ર થાકી ગયો. કૃષ્ણ તો બીજે હાથે વાંસળી વગાડતા હતા. એને માટે તો સાહજિક હતું. હવે ઈન્દ્રનો ગર્વ ચકનાચૂર થઈ ગયો. એણે મેઘને આદેશ આપ્યો અને વરસાદ બંધ થઈ ગયો. ઈન્દ્ર કૃષ્ણ પાસે પ્રગટ થયો. માફી માંગી પગે પડ્યા. ગિરિરાજે પ્રગટાવેલી માનવી ગંગામાંથી જળ લીધું. દૂધ સાથે મેળવીને કૃષ્ણનો અભિષેક કર્યો. આ ક્ષીરજળ જયાં પડ્યા, ત્યાં સુરભિકુંડ થઈ ગયો. કારતક સુદ એકમ સાથે ગોવર્ધનપૂજા અને અન્નકૂટ સંકળાઈ ગયા.